ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

તાપમાન		મહત્તમ	લઘુતમ
	અંકલેશ્વર	૩૫.૦° સે.	૧૯.૦° સે.
	બારડોલી	૩૫.૦° સે.	૧૭.૦° સે.
	ભરૂચ	૩૫.૦° સે.	૨૦.૦° સે.
	વ્યારા	૩૫.૦° સે.	૧૭.૦° સે.

બારડોલીના સરભોણમાં સાઈડમાં ચાલવા બાબતે દંપતીને માર મરાયો

શનિવારી હાટ બજારમાં બાઈકચાલક યુવકની ટકોર બાદ હુમલો, જાનથી મારી નાંખવાની ધમકી

બારડોલી: બારડોલી તાલુકાના સરભોણ ગામમાં ખત્રીમોરા ફળિયામાં ભરાતા શનિવારી હાટ બજારમાં રસ્તા પર ચાલવા બાબતે મોટરસાઈકલ સવાર યુવાને સાઈડમાં ચાલવાનું કહેતા ઉશ્કેરાયેલા શખ્સોએ યુવાન અને તેને બચાવવા આવેલી તેની પત્નીને માર માર્યો હોવાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સરભોણ ગામના ખત્રીમોરા ફળિયામાં રહેતા અને મજૂરીકામ કરતા ૨૮ વર્ષીય કિશનભાઈ પ્રવિણભાઈ હળપતિ ગત તારીખ ૧૪ નવેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે સાતેક વાગ્યે પોતાની મોટર સાયકલ લઈને હનુમાન ફળિયામાં પોતાના સાસરે જઈ રહ્યા હતા. તે સમયે ખત્રીમોરા ફળિયામાં શનિવારી હાટ બજાર ભરાયેલું હોવાથી ભારે ભીડ હતી. રસ્તામાં ચાલતા બારડોલી તાલુકાના નિણત ગામના સાવન (બુલેટવાળો) નામના શખ્સને કિશનભાઈએ રસ્તાની સાઈડમાં ચાલવાનું કહ્યું હતું. આ બાબતે ઉશ્કેરાઈ જઈને સાવને ગાળાગાળી શરૂ કરી હતી અને કિશન ભાઈના ટીશર્ટનો કોલર પકડીને તેમને જમીન પર પાડી દીધા હતા. ત્યારબાદ સાવન, નિણત ગામનો અમિતભાઈ અને અન્ય એક અજાણ્યા શખ્સે ભેગા મળીને કિશનભાઈને ઢીકમુક્કીનો માર માર્યો હતો અને મોઢાના ભાગે લાતો મારી હતી. આ મારના કારણે કિશનભાઈને માથા અને ગળાના ભાગે સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

આ દરમિયાન કિશનભાઈને બચાવવા માટે તેમની પત્ની અંજુબેન ત્યાં દોડી આવ્યા હતા અને વચ્ચે પડી તેમને વધુ મારથી બચાવ્યા હતા. હુમલાખોરોએ અંજુબેન સાથે પણ બોલાચાલી કરી તેમને માર માર્યો હતો, જેમાં તેમના જમણા હાથની ટચલી આંગળીમાં ઈજા થઈ હતી. હુમલો કર્યા બાદ જતા-જતા સાવને 'તને જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી હતી.

આ સમગ્ર મામલે કિશનભાઈ હળપતિએ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં નિણત ગામના સાવન બુલેટવાળો, અમિતભાઈ અને એક અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ આપતા બારડોલી રૂરલ પોલીસે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

કામરેજમાં પત્ની સાથેના પ્રેમસંબંધમાં પતિની હત્યા કરનાર ઝડપાયો

અજાણ્યાની લાશ મળતાં પોલીસે ટી-શર્ટના આધારે શરૂ કરી તપાસ આરોપી સુધી પહોંચી

કામરેજ: કામરેજ વિસ્તારમાં તા.8 નવેમ્બર ના રોજ રામપીર દરગાહ નજીકથી એક અજાણ્યા યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. કામરેજ પોલીસ સ્ટેશન અને એલ.સી.બી. શાખાએ સંયુક્ત ઓપરેશન હાથ ધરી આ અનડીટેક્ટેડ લાશના રહસ્યનો પર્દાફાશ કરી મર્ડરના આરોપીને ઝડપી પાડ્યો છે.

મૃતકની લાશ પાસેથી મળેલા ટી-શર્ટના માધ્યમથી રાજકોટની કંપનીમાં તપાસ કરતા મૃતકનું નામ બબલુ પ્યારેલાલ સૈની (ઉં.વ. ૩૯, મૂળ ઉત્તર પ્રદેશ) હોવાનું બહાર આવ્યું હતું. પોલીસ તપાસમાં ખૂલ્યું કે, મૃતકની પત્ની અનિતા સાથે આરોપી શ્રીરામ સુંદરલાલ પાંડેને પ્રેમસંબંધ હતો, જેના કારણે પતિ-પત્ની વચ્ચે અવારનવાર ઝઘડા થતાં હતાં.

આ અદાવતમાં આરોપી શ્રીરામે તા -7 નવેમ્બરે બબલુને સારી નોકરી અપાવવાનું કહી મોટરસાઇકલ પર બેસાડી રામપીર દરગાહની બાજુમાં ગૌચરમાં લઈ ગયો હતો. ત્યાં પત્નીને કેમ મારે છે તેમ પૂછી બંને વચ્ચે ઝઘડો થયો હતો, જેમાં ઉશ્કેરાઈને આરોપીએ ઈંટોના ઘા મારી બબલુના માથાના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચાડી તેની હત્યા કરી નાખી હતી અને ફરાર થઈ ગયો હતો. આ અંગે નોંધાયેલા ગુનામાં પોલીસે સઘન તપાસ હાથ ધરી હતી. કામરેજ પોલીસે સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી ટૂંક સમયમાં આરોપી સુધી પહોંચી શકી હતી. પોલીસે મુખ્ય આરોપી શ્રીરામ સુંદરલાલ પાંડેની ધરપકડ કરી તેને જેલ ભેગો કર્યો હતો. આ સાથે પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બોલાવાના છાંસટિયા પરિવારના દિયર-ભાભીના મૃતદેહ લઈને

કીમ પરત ફરી રહેલા પરિવારની એમ્બ્યુલન્સને યુપીમાં ફરી અકસ્માત

ટ્રક પાછળ ઘૂસેલી એમ્બ્યુલન્સનો કચ્ચરઘાણ, ચાર લોકોને ઈજા





કીમ: કીમ નજીકના બોલાવ ગામના છાંસટીયા પરિવારના 13 સભ્ય દિવાળીના પવિત્ર તહેવાર દરમિયાન ધાર્મિક યાત્રાએ નીકળ્યા હતા. ઉત્તર પ્રદેશમાં તેમના વાહનનો અકસ્માત સર્જાયો હતો. જેમાં પેટ્રોલ પંપના માલિક અને 53 વર્ષીય પ્રદીપસિંહ કિશોરસિંહ છાંસટીયા તેમજ તેમના 58 વર્ષીય ભાભી જનકબેન કીરીટસિંહ છાંસટીયાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે 10થી વધુ સભ્યોને ઈજાઓ પહોંચતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બે સભ્યો દિયર-ભાભીનો ભોગ લીધો હતો. હજુ તો પરિવાર આ આઘાતમાંથી બહાર આવ્યો નહોતો ત્યાં મૃતદેહોને વતન લાવી રહેલી એમ્બ્યુલન્સ પણ અકસ્માતનો ભોગ બની હતી. પ્રદીપસિંહ છાંસટીયાનો મૃતદેહ જે એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવી રહ્યો હતો, તેમાં તેમનાં પત્ની ઉમાબેન અને ભત્રીજી કિંટુકુમારી સહિત પરિવારના સ્વજનો સવાર હતા. બંને એમ્બ્યુલન્સ કીમ તરફ પરત ફરી રહી હતી ત્યારે આગ્રાથી આશરે 40 કિલોમીટર દૂર ફરી એક વખત અકસ્માત સર્જાયો હતો. આગળ જઈ રહેલા ટ્રકના ચાલકે અચાનક બ્રેક મારતાં પાછળથી આવી રહેલી પ્રદીપસિંહનો મૃતદેહ લઈ જતી એમ્બ્યુલન્સ ટ્રકના પાછળના ભાગમાં ધડાકાભેર અથડાઈ હતી. આ બીજા અકસ્માતે પરિવારની મુશ્કેલીઓમાં અસહ્ય વધારો કર્યો હતો. અકસ્માતમાં ઉમાબેન અને ભત્રીજી કિંટુકુમારી સહિત ચાર લોકોને ઈજાઓ પહોંચતાં આગ્રાની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

ભારે હૈયે અંતિમ વિદાય

બંને મૃતદેહોને સોમવારની વહેલી સવારે વતન લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ મૂળદ મુક્તિધામ ખાતે પરિવારજનો, સગાંસંબંધીઓ અને ગ્રામજનોની હાજરીમાં દિયર-ભાભીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

બારડોલીની નવદુર્ગા સોસાયટીમાં પરિણીતાનો ફાંસો ખાઈ આપઘાત

પોલીસે ગુનો નોંધી આપઘાતના કારણ જાણવા તપાસ હાથ ધરી

બારડોલી: બારડોલીમાં જી.એમ. પટેલ સ્કૂલ પાછળ આવેલી નવદુર્ગા સોસાયટીમાં ભારેથી રહેતી એક ૩૨ વર્ષીય પરિણીતાએ પોતાના જ ઘરમાં ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હોવાની આઘાતજનક ઘટના પ્રકાશમાં આવી છે. આ બનાવ અંગે બારડોલી ટાઉન પોલીસે ગુનો નોંધી આપઘાત પાછળનું કારણ જાણવા આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર, મૂળ ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લાના ભોલાપુર ગામની વતની સરીતાદેવી સંજયસિંગ અર્જુનસિંગ રાજપુત (ઉં.વ.૩૨) હાલમાં બારડોલીની નવદુર્ગા સોસાયટીમાં પ્લોટ નંબર સી/૬૪ ખાતે રામકિશન યાદવના મકાનમાં બીજા માળે રૂમ ભાડે રાખીને રહેતી હતી. ૧૫ નવેમ્બરે બપોરે સરીતાદેવીએ કોઈપણ અગમ્ય કારણસર પોતાના રૂમમાં ઘરના પતરાના એંગલ સાથે લાલ કલરના દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ લીધો હતો, જેમાં તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ સમગ્ર બનાવની જાણ મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ પલસાણા તાલુકાના તાતીથૈયા ગામે જલારામ ડાઈંગ મિલમાં રહેતા ૬૦ વર્ષીય વિજયબહાદુરસિંગ કુતુસિંગ રાજપુત દ્વારા રાત્રે ૮:૩૦ વાગ્યે પોલીસને કરવામાં આવી હતી. બનાવની જાણ થતાં જ બારડોલી ટાઉન પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે અકસ્માત મોત નોંધીને લાશનો કબજો મેળવી કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. પાંડુરંગભાઈ રૂપચંદભાઈ ચલાવી રહ્યા છે, જેમાં મહિલાના આપઘાતનું સાચું કારણ જાણવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

પલસાણા શોપિંગ સેન્ટરમાં થયેલી ચોરીમાં આરોપી ઝડપાયો, એક વોન્ટેડ

પલસાણા: પલસાણા શોપિંગ સેન્ટરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસને બાતમી મળી હતી કે એક ઈસમ ચોરી થયેલા મોબાઈલ અને ચાંદીની પાયલ વેચવા માટે પલસાણા બજારમાં આંટાફેરા મારી રહ્યો છે.

આ ચોક્કસ માહિતીના આધારે પોલીસે અનિકેત ઉર્ફે બાદલ વિજય રાજભર (ઉં.વ.૨૦, મૂળ વારાણસી, ઉત્તરપ્રદેશ, હાલ પલસાણા શોપિંગ સેન્ટર) નામના શખ્સને પકડી પાડી આ વણશોધાયેલ ગુનાનો ભેદ ઉકેલ્યો છે. ઝડપાયેલા આરોપી પાસેથી ચોરી થયેલા ત્રણેય મોબાઈલ ફોન અને ચાંદીની પાયલ સહિત કુલ રૂપિયા ૩૮,૦૦૦નો તમામ મુદ્દામાલ કબજે કરી અન્ય એક આરોપી સમીર મોહરમ અલીખાન પઠાણ (રહે.,વાસી પલસાણા)ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

ભરૂચમાં મોબાઈલ સ્નેચિંગના બે આરોપી પોલીસ ઝપેટમાં

8 મોબાઇલ સહિત રૂ. 97,000નો મુદ્દામાલ જપ્ત



ભરૂચ: ભરૂચ શહેર 'એ' ડિવિઝન પોલીસે શ્રવણ ચોકડી નજીક થયેલી મોબાઈલ સ્નેચિંગની ઘટનામાં પોલીસે બે આરોપીને ઝડપી પાડ્યા છે. આ સાથે પોલીસે રૂ. 97,000નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ગત તા. 25 ઓક્ટોબર, 2026ના રોજ શ્રવણ ચોકડી નજીક ક્રોમા શો-રૂમ સામેથી એક અજાણ્યા મોટરસાઈકલ ચાલકે ફરિયાદીના હાથમાંથી મોબાઈલ ફોન આંચકી લીધો હતો. તપાસ દરમિયાન તા. 04 નવેમ્બરે પોલીસે આરોપી યામીન અલ્તાફ પટેલ (રહે., કોસાડ આવાસ, અમરોલી, સુરત, મૂળ સરનાર, (વ્હાલુ) ભરૂચ)ની અટક કરી હતી. જોકે, તેની પાસેથી ચોરાયેલો મુદ્દામાલ મળ્યો ન હતો અને તેણે પોતાના સાગરીતોના નામ પણ જણાવ્યા ન હતા. પોલીસ વિભાગે સર્વેલન્સ સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી કેન્દ્ર સરકારના ટેલિકોમ મંત્રાલયના www.ceir.gov.in પોર્ટલનો ઉપયોગ કરીને બે આરોપીની ઓળખ કરી હતી. ઝડપાયેલા આદિલ જેસુફ સગીર (રહે., દુકાનવાળુ ફળિયું, સરનાર, તા. જિ. ભરૂચ) અને અબ્દુલ્લા ઉર્ફે તાહીર આસિફ અલી અંસારી હાલ (રહે., અલ-લઝીઝ હોટલની પાસે, જંબુસર બાયપાસ, તા. જિ.ભરૂચ, મૂળ રહે., ઉત્તર પ્રદેશ)નો સમાવેશ થાય છે. આરોપીઓની અટક કરીને સ્નેચિંગમાં ગયેલો મોબાઈલ તથા અન્ય 7 મોબાઈલ રિકવર કરવામાં આવ્યા છે. પકડાયેલા આરોપી આદિલ જેસુફ સગીર વિરુદ્ધ ભરૂચ તાલુકા પોલીસ સ્ટેશનમાં ત્રણ અલગ-અલગ ગુનાઓ નોંધાયેલા છે.

રામ નામ મેં લીન હૈ, દેખત સબ મેં રામ, તાકી પદ વંદન કરું, જય જય જલારામ

બારડોલીમાં ૨૨૭મી જલારામ જયંતીએ રક્તદાન કેમ્પમાં ૨૨૭ યુનિટ રક્ત એકત્ર થયું



બારડોલી: શ્રી ભક્તરાજ જલારામ પ્રાર્થના સમાજ, બારડોલી દ્વારા પવિત્ર અને ઉત્સાહભર્યા વાતાવરણમાં જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અવસરે વહેલી સવારથી જ બારડોલીમાં ભક્તિનો માહોલ જોવા મળ્યો હતો અને હજારોની સંખ્યામાં ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

જયંતિ મહોત્સવની શરૂઆત સવારે ૪:૧૫ વાગ્યાથી જ ભક્તો માટે પાદુકા દર્શન સાથે થઈ હતી. આ સાથે જ પદ્ ભોગ (અન્નકૂટ) ના મનોહર દર્શને પણ ભક્તોના મન મોહી લીધા હતા. જલારામ બાપાના સેવા અને માનવતાના સંદેશને અનુસરીને સવારે ૯ વાગ્યાથી એક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં રક્તદાતાઓએ ભારે ઉત્સાહ દાખવીને અત્યાર સુધીમાં ૨૨૭ જેટલી રક્ત બોટલોનું દાન કર્યું છે. આયોજકો દ્વારા તમામ રક્તદાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. સવારે ૧૧ વાગ્યાથી બારડોલીના સ્વરાજ આશ્રમ ગ્રાઉન્ડ ખાતે મહાપ્રસાદીના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, આજની ઉજવણીના ભાગરૂપે સાંજે ૭:૩૦ કલાકે ૨૨૭ દીવડાઓથી ભવ્ય મહાઆરતી યોજાઈ હતી.

કડોદમાં જલારામ મંદિરે 5 હજારથી વધુ ભક્તો ઊમટ્યા



કડોદ: કડોદ નગરમાં આવેલા શ્રી જલારામ મંદિર ટ્રસ્ટ દ્વારા જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતીની તથા મંદિરનો ૩૪મો પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અને મંદિરના 33 વર્ષ પૂરા થતાં સત્યનારાયણ ભગવાનની કથા, ભજન કિર્તન તથા મહાપ્રસાદીનું આયોજન મંદિરના ટ્રસ્ટીઓ તથા યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સુરત કડોદના માજી ડેપ્યુટી સરપંચ ધ્વનિ ભાવસાર, તાલુકા પંચાયતના માજી પ્રમુખ રમણભાઈ હળપતિ, બાલુભાઈ પ્રજાપતિ, સંજય ભાવસાર, ડો. અનુપભાઈ વ્યાસ, ઘનશ્યામભાઈ ગાંધી, પ્રતાપસિંહ દેસાઈ, રાજેશભાઈ શાહ તથા હરદીપસિંહ પીઠાવાલા ઉપસ્થિત રહ્યા હતા. સત્ય નારાયણ ભગવાનની કથામાં પૂજામાં હસમુખભાઈ ભાવસાર બેઠાં હતાં. કડોદ નગરના તથા આજુબાજુના ગામો થઈ આશરે ૫૫૦૦થી વધુ ભક્તોએ ભાગ લઈ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

ઓલપાડ તાલુકામાં ભંડારાનું ભવ્ય આયોજન

સાયણ: ઓલપાડના સાંઘીએર, સાયણ, ઓલપાડ ટાઉન સહિત અનેક ગામના જલાભક્તોએ પૂ. જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતીની ઉજવણી ધૂમધામથી કરી હતી. મંદિરોમાં ભક્તિભાવ પૂર્વક સાથે જોડાયેલી મહિલાઓ અને જલાભક્તોએ બાપાની બાવની, ભજન-કિર્તન સાથે પાલખી અને શોભાયાત્રા, મહાઆરતી, ધ્વજારોહણના ધાર્મિક કાર્યક્રમમાં જોડાયા હતાં. આ પ્રસંગે ગુજરાત સરકારના પૂર્વ મંત્રી અને ધારાસભ્ય મુકેશભાઈ પટેલે ઓલપાડ ટાઉનના કરશનપરા અને ટાઉનના બજારમાં આવેલા કાનદાસ બાપુનાજલારામ મંદિરે તેમના સાંનિધ્યમાં પૂજા-અર્ચના કરી જલાબાપાની ધૂન બોલાવી તલ્લીન થઈ દર્શન કર્યા હતા. જ્યારે છેલ્લા ઘણા વર્ષો પહેલાં અન્ન ભૂખિયાઓને ભોજન માટે જલાબાપાએ શરૂ કરેલા અન્નભંડારાની ધૂણી આજે પણ પ્રજ્વલિત રહેતા સાંઘીએર ગામે ગરાશ ફળિયાના ભરતભાઈ ડી. પટેલ, નવાપરાના અભય પટેલ સહિત વાવ, બ્રાહ્મણ, સ્વામિનારાયણ નગર તથા સાયણ-ઓલપાડ ટાઉન સહિત તાલુકાના અનેક ગામના જલારામ મંદિરમાં મહાપ્રસાદી માટે ભંડારાનું આયોજન કરાતાં ભક્તોએ દર્શનનો લ્હાવો લઈ પ્રસાદીનો લાભ લીધો હતો.



માંડવી નગર ભક્તિના રંગે રંગાયું

માંડવી: જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતીએ સુથાર ફળિયાં સ્થિત શ્રી રામજી મંદિર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, મહોત્સવની શરૂઆત સવારે ૫:૩૦ કલાકે પ્રભાતફેરીથી થઈ હતી. ત્યારબાદ સવારે ૧૦:૦૦ કલાકે વિધિવત પૂજા-અર્ચના કરવામાં આવી હતી. બપોરે ૧૨:૦૦ કલાકે પૂનમવાડી ખાતે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું, આ પર્વ નિમિત્તે બપોરે ૨:૩૦ કલાકે પરંપરાગત વાજિંત્રોના નાદ સાથે શ્રી રામજી મંદિરથી નગરમાં એક ભવ્ય શોભયાત્રા કાઢવામાં આવી હતી.

માંગરોળમાં જલારામ બાપાની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી



વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળના વેરાકૂઈ અને વાંકલ ગામે સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની જન્મ જયંતીની ભારે હર્ષોલ્લાસ અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. વેરાકૂઈ ગામે છેલ્લા 40 વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ બાપાની જયંતી રંગેચંગે ઉજવાઈ હતી. પોતાની મનોકામના પૂર્ણ થતાં અનેક શ્રદ્ધાળુઓ પગપાળા ચાલીને બાપાના દર્શને પહોંચ્યા હતા અને ધન્યતા અનુભવી હતી. આ ઉપરાંત, વાંકલ સ્થિત અંબાજી માતાજીના પટાંગણમાં પણ પૂજ્ય જલારામ બાપાની જન્મ જયંતી નિમિત્તે વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જયંતી મહોત્સવ નિમિત્તે વેરાકૂઈ અને વાંકલ બંને સ્થળોએ ભવ્ય મહાપ્રસાદી (ભંડારા)નું આયોજન કરવામાં આવ્યું હતું.

ભરૂચ જિલ્લામાં ભક્તિભાવથી ઉજવણી



ભરૂચ: ભરૂચ સહિત જિલ્લાભરમાં સંત જલારામ બાપાની 227મી જન્મજયંતિ નિમિત્તે વિવિધ મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.ભરૂચનાં કસક, અંકલેશ્વરના ગડખોલ,ઉમલ્લા નજીક દુ.વાઘપુરા અને વાલિયા તાલુકાના લુણામાં આવેલા જલારામ મંદિર સહિત શહેરનાં વિવિધ મંદિરોમાં વિશેષ આરતી, ભજન-કીર્તન અને સત્સંગનું આયોજન કરાયું હતું. મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો હતો. દુ.વાઘપુરા જલારામ મંદિરમાં પાદુકા પૂજન, અન્નકૂટ દર્શન, શોભાયાત્રા, ભજન-કીર્તન અને ધૂન યોજાઈ હતી.

સંક્ષિપ્ત સમાચાર

બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટીને જિલ્લા સહકારી સંઘની શીલ્ડ હરીફાઈમાં પ્રથમ ક્રમાંક

બારડોલી: સુરત જિલ્લા સહકારી સંઘ દ્વારા ૭૩માં અખિલ ભારત સહકારી સપ્તાહની ઉજવણીમાં બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. ભવ્ય સિદ્ધિ હાંસલ કરી છે. વર્ષ ૨૦૨૫-૨૬ની સુરત અને તાપી જિલ્લાની અર્બન કો-ઓપ. ક્રેડિટ સોસાયટીઓ વિભાગની પ્રતિષ્ઠિત શીલ્ડ હરિફાઇમાં સંસ્થાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. આ પ્રસંગે સ્કોબાના ચેરમેન ગૌતમભાઈ વ્યાસના હસ્તે સંસ્થાને વિજેતા શીલ્ડ અર્પણ કરવામાં આવી હતી, તથા સંસ્થાના પ્રમુખ નિરંજન માનાજી મિસ્ત્રીનું સાલ અને સુતરની આંટી પહેરાવી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૨૬ વર્ષથી સહકારી ક્ષેત્રે કાર્યરત અને સ્થાપના કાળથી જ 'અ' ઓડિટ વર્ગ જાળવી રાખનાર આ સંસ્થા હાલમાં ૧૨૯ કરોડની થાપણ અને ૮૨ કરોડના ધિરાણ સાથે કુલ ૨૧૧ કરોડનો અધધ બિઝનેસ કરી રહી છે. આ ગૌરવશાળી કાર્યક્રમમાં સંસ્થાના ઉપપ્રમુખ મનિષભાઇ, માનદમંત્રી જગદીશભાઇ, સહમંત્રી નિલેશભાઇ ગુપ્તા અને મેનેજર દિનેશચંદ્ર પ્રજાપતિ સહિતના તમામ કારોબારી સભ્યો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

બારડોલીમાં સ્વાભિમાન ગ્રુપ દ્વારા 6,000થી વધુ જોડી કપડાંનું વિતરણ

બારડોલી: ગુજરાતી નૂતન વર્ષના પવિત્ર અવસરે બારડોલીના સ્વાભિમાન ગ્રુપ દ્વારા પુરુષો, મહિલાઓ તેમજ નાના બાળકો અને બાળકીઓ માટે 6,000થી વધુ જોડી કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્ય બારડોલીના જલારામ મંદિર, ગોવિંદાશ્રમ મંદિર, રામજી મંદિર અને રોકડિયા હનુમાન મંદિર ખાતે યોજાયું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે બારડોલી નગરપાલિકાના પ્રમુખ નીલમબેન વ્યાસ, અજીતસિંહ સુરમા, પ્રફુલ પટેલ, અમરસિંહ સોલંકી, મયુરિકા જાધવ, હિતેન્દ્ર પાંડે, ઠાકોર ચૌહાણ, અરવિંદ જાધવ, પરેશ પટેલ, કાંતિ રાઠોડ, હરેન્દ્રસિંહ વસાવારિયા, રાકેશભાઇ નાયક(સાંકી), ડાહ્યાભાઇઅને સંજયસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. સ્વાભિમાન ગ્રુપ છેલ્લા 14 વર્ષથી સતત દિવાળી બાદ નૂતન વર્ષના અવસરે આ સેવાકીય પ્રવૃત્તિ કરતું આવ્યું છે. સ્વાભિમાન ગ્રુપના પ્રમુખ ચિરાગ જોશીના માર્ગદર્શન હેઠળ ગ્રુપના હોદ્દેદારો, કાર્યકરો અને સભ્યોએ આ સેવાકાર્યમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સહકારી ક્ષેત્રે માંડવી નાગરિક સહકારી બેંકની ગૌરવવંતી સિદ્ધિ



હિતેશ પટેલ

માંડવી: સુરત જિલ્લા સહકારી સંઘ, સુરત (બારડોલી) દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન જિલ્લાની સહકારી સંસ્થાઓની કામગીરીના મૂલ્યાંકન અર્થે યોજાયેલી શિલ્ડ હરીફાઈમાં નાગરિક સહકારી બેંકોના વિભાગમાં ધી માંડવી નાગરિક સહકારી બેંકે પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. બેંકને મળેલી આ સિદ્ધિ બદલ આયોજિત સન્માન સમારોહમાં બેંકના ચેરમેન જતીનભાઈ શાહને સૂતરની આંટી પહેરાવી, શાલ ઓઢાડી તથા શિલ્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સુરત જિલ્લા સહકારી સંઘના પ્રમુખ ભીખાભાઇ ઝવેરભાઇ પટેલ, સ્કોબાના ચેરમેન ગૌતમભાઇ વ્યાસ સહિત સહકારી ક્ષેત્રના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત બેંકના મેનેજિંગ ડિરેક્ટર/સી.ઈ.ઓ.અશુતોષભાઈ ઉપાધ્યાય સહિત ડિરેક્ટરોઓ પણ ઉપસ્થિત રહી આ સિદ્ધિની ખુશીમાં સહભાગી બન્યા હતા.

કોસંબાના તળાવનું બ્યુટીફિકેશન, લોકો માટે પર્યટક સ્થળ બન્યું



તલાટી કમ મંત્રીના પ્રયાસોથી મોટી ગ્રાન્ટ મળી, 17મી નવેમ્બરે લોકાર્પણ સરપંચ યાસ્મીન દાઉદજીના હસ્તે

હથોડા: કોસંબામાં ગામની વચ્ચોવચ આવેલા મોટા તળાવનું બ્યુટીફિકેશન કરવા માટે મહિલા તલાટી કમ મંત્રી જયશ્રી બેનના ધમપછાડાથી મોટી ગ્રાન્ટ મંજૂર થતાં ગામની વચ્ચોવચ આવેલો ગંધાતો ગોબરા તળાવનું વિકાસ કરીને પર્યટક સ્થળ બનાવી દેતાં રોજ સાંજે ગામવાસીઓ તળાવની મુલાકાત લઈને આનંદ માણી રહ્યા છે.

સરપંચ યાસ્મીન ફેશલ દાઉદજી અને ડેપ્યુટી સરપંચ સાહિર અબ્દુલ સત્તાર આરફ તેમજ વર્તમાન પંચાયત બોડીએ તળાવની ચારેકોર બ્લોક, ગાર્ડન, ઝાડ રોપીને લોકો માટે બેસવા માટે બાંકડા મૂકીને તેમજ લાઈટિંગ કરીને આંખો અંજાઈ જાય તેવો તળાવનું વિકાસ કરીને ટૂંક સમયમાં જ પર્યટક સ્થળ બનાવીને કોસંબાની શાન વધારી છે. આ પર્યટક સ્થળ જેવા તળાવનું આગામી તારીખ 17મી નવેમ્બરે લોકાર્પણ કાર્યક્રમ કોસંબાના સરપંચ યાસ્મીન ફેસલ દાઉદજીના હસ્તે યોજવામાં આવશે. ગ્રામજનોએ તળાવની મુલાકાત લઈ ને આનંદ માણવાની શરૂઆત પણ કરી દીધી છે

તાતીથૈયામાં ખુલ્લી જગ્યામાંથી પરપ્રાંતીય યુવકનો મૃતદેહ મળી આવ્યો

પલસાણા: પલસાણાના તાતીથૈયા ગામ પાસે સોનીપાર્કથી શિવાંજલી તરફ જતા રસ્તા નજીક ખુલ્લી જગ્યામાંથી ૩૪ વર્ષીય યુવક જિતેન્દ્રસિંહ વીરસિંહ રાજાવતનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. મૂળ મધ્યપ્રદેશના ભીંડના વતની અને તાતીથૈયામાં શિવ સંકુલમાં રહેતા જિતેન્દ્રસિંહનું મોત કોઈ બીમારીના કારણે થયું હોવાનું પ્રાથમિક અનુમાન છે. ૧૫ નવેમ્બરની સવારે આ બનાવ સામે આવ્યો હતો. મૃતકના મિત્ર અને મૂળ ઉત્તર પ્રદેશના કાનપુરના વતની જીતુકુમાર શ્રીરામ ચૌધરીએ આ અંગે કડોદરા જીઆઈડીસી પોલીસ મથકે જાણ કરી હતી. માહિતી મળતા જ પોલીસ સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહનો કબજો મેળવી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વીજ તારથી પાકમાં આગ લાગે તો 100 ટકા વળતર આપવા માંગ

નિઝર તાલુકાના ખેડૂતોની વીજ વિભાગ, પ્રાંત અધિકારી અને મામલતદાર સમક્ષ રજૂઆત



કુકરમુંડા: નિઝર તાલુકાના ખેડૂતો દ્વારા ખેતીપાક અને ખેડૂતોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગુજરાત વીજ કંપની (GEB)ના નિઝર ખાતેના નાયબ ઈજનેર, નિઝર પ્રાંત અધિકારી અને